પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૬૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૧-૦૭-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 263 PRICE :-RS. 1.50 DATE : 01-07-2021


EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### સુપ્રિમનો મહત્વપૂર્ણ ચુકાદો, છ સપ્તાહમાં ગાઈડલાઈન તૈયાર કરવા આદેશ

## કોરોનાથી થયેલ મૃત્યુ પર સરકાર વળતર આપે: સુપ્રિમ



ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે બુધવારે એક અગત્યનો ચૂકાદો આપ્યો છે. કોર્ટે આદેશ આપ્યો છે કે જેમનું નિધન કોરોનાના કારણે થયું છે, સરકાર તેમના પરિવારોને વળતર આપે. જોકે આ વળતર કેટલું હોવું જોઈએ તે પોતે સરકારે નક્કી કરવાનું રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા નક્કી કરવામાં આવશે કે પીડિતોને કેટલા રૂપિયા આપવામાં આવશે. ૬ અઠવાડિયામાં ગાઈડલાઈન તૈયાર કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે સાથે એવું પણ માન્યું કે કોરોનાથી થયેલી મોતો પર ૪ લાખ રૂપિયાનું વળતર આપી શકાય નથી. પણ કોર્ટે NDMA (નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી)ને કહ્યું કે, એક એવી સિસ્ટમ બનાવવામાં આવે જેનાથી ઓછામાં ઓછું વળતર આપી શકાય. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે, તેઓ કોરોનાથી જોડાયેલા ડેથ સર્ટિફિકેટને બહાર પાડે અને જે સર્ટિફિકેટ પહેલા જ બહાર પડી ગયા છે તેમાં સુધારો કરવામાં આવે. ચૂકાદો આપતા સમયે સુપ્રીમ કોર્ટે NDMAના અધિકારીઓને ફટકાર પણ લગાવી છે.

આ મામલામાં ઘણાં અરજીકર્તાઓ દ્વારા અપીલ કરવામાં આવી હતી. તેમની માગણી હતી કે કોરોનાથી જેમના મોત થયા છે તેમના પરિવારોને ડિઝાસ્ટર એક્ટ હેઠળ ૪ લાખ રૂપિયાનું વળતર મળવું જોઈએ.

★ કોવિડથી જોડાયેલા ડેથ સર્ટિફિકેટ જારી કરે સરકાર,કોરોનાથી મૃત્યું થયું હશે તો વળતર આપવું જ પડશે, રકમ તમે જ નક્કી કરો,એનડીએમએના અધિકારીઓનો સુપ્રિમે ઊધડો લીધો.

★ અગાઉ સરકારે સુપ્રિમમાં ૪ લાખના વળતર મુદ્દે સ્પષ્ટ ના પાડી દીધી હતી.

અરજીકર્તાઓ દ્વારા આ ઉપરાંત કોવિડ ડેથ સર્ટિફિકેટને લઈ પણ સવાલ કર્યા હતા. જેના પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી જવાબ માગ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં જે સોગંદનામું આપવામાં આવ્યું હતું તેમાં સરકારે વળતર આપવાની ના પાડી હતી. કેન્દ્ર સરકાર દ્વારા કહેવામાં આવ્યું હતું કે આવું કરવું સંભવ નથી. સરકારે કહ્યું હતું કે વળતર આપવાના સ્થાને તેમનું ફોકસ સ્વાસ્થ્ય વ્યવસ્થાને મજબૂત કરવા પર છે. કેન્દ્ર સરકાર દ્વારા એવી પણ જાણકારી આપવામાં આવી હતી કે ૪ લાખ રૂપિયાનું વળતર કોઈ અન્ય ડિઝાસ્ટરમાં મરનારા વ્યક્તિના પરિજનોને આપવામાં આવી રહ્યું છે, પણ કોઈ મહામારીના સમયે આવું કરી શકાય નહીં.

ભારતમાં કોરોના વાયરસનો કેર પાછલા દોઢ વર્ષથી ચાલી રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં આ મહામારીના કારણે લગભગ ૪ લાખ લોકોના મોત થયા છે. હાલમાં જ દેશમાં કાળ બનીને આવેલી કોરોનાની બીજી લહેર હવે થોડી હદે ઓછી થઈ રહી છે, પણ એક્સપર્ટ્સ હજુ પણ ત્રીજી લહેરને લઈ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

અત્રે જણાવવાનું કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી ૩,૯૮,૪૫૪ લોકોના મોત થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૪૫,૯૫૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોનો આંકડો હવે ૩,૦૩,૬૨,૮૪૮ પર પહોંચી ગયો છે. હાલ કુલ ૫,૩૭,૦૬૪ દર્દીઓ સારવાર હેઠળ છે.

## ધો-૧૦નું પરિણામ જાહેર: વડોદરામાં ૭૦૩ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં રહ્યા સફળ



વડોદરા,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની જાહેરાત કર્યા બાદ વિદ્યાર્થીઓનું પરિણામ મંગળવારે રાત્રે જાહેર કરાયું હતું. શહેર અને જિલ્લાના ૭૦૩ વિદ્યાર્થીઓએ-૧ ગ્રેડ મેળવવામાં સફળ થયા છે. જ્યારે ૩,૧૩૩ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવ્યો હતો. કુલ ૪૨,૮૫૨ વિદ્યાર્થીઓનું રિઝલ્ટ જાહેર કરાયું હતું. સમગ્ર રાજ્યમાંથી ધોરણ ૧૦માં ૮,૫૭,૨૦૪ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. જેમાં ૪,૯૦,૪૮૨ વિદ્યાર્થીઓ તેમજ ૩,૬૬,૭૨૨ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. બોર્ડે સત્તાવાર વેબસાઈટ ઉપર પરિણામ જાહેર કરતાં જ શાળાઓએ નિયત ઈન્ડેક્ષ નંબર પરથી પરિણામ લોગીન કરી ડાઉનલોડ કરી લીધું હતું. જે બાદ બુધવારે વિદ્યાર્થીઓને તેમના પરિણામ અંગેની જાણકારી આપવામાં આવી હતી. કોરોનાને કારણે ૧૦૦ ટકા માસ પ્રમોશન મળતા તેજસ્વી વિદ્યાર્થીઓએ આ પરિણામથી અસંતોષ અનુભવ્યો હતો. શહેરની ધોરણ ૧૦ ની વિદ્યાર્થીની વિધિ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, મારું પરિણામ સારું આવ્યું છે. ૯૯.૧૭ પર્સનટાઈલ એ-૧ ગ્રેડ છે. આમ તો સારું કહી શકાય, પરંતુ પરીક્ષા ઓફલાઈન લેવાઈ હોત તો મારી મહેનત એટલી બધી હતી કે આનાથી પણ વધારે સારા પર્સન્ટેજ અને ખૂબ જ વધારે સારું પરિણામ આવત. હું આગળ ધોરણ-૧૧ મેડિકલ સાયન્સમાં જવા માગુ છું. વિદ્યાર્થીની ઝલક રાજપૂતે જણાવ્યું હતું કે, મારા ૯૮.૪૯ પર્સન્ટાઈલ છે. હું આ પરિણામથી સંતુષ્ટ છું. મે આગળ સાયન્સમાં એડમિશન લીધું છે. મેં સારા માર્ક્સ મેળવવા માટે ખૂબ જ મહેનત કરી હતી, પરંતુ માસ પ્રમોશનના કારણે ના થઈ શક્યું. જોકે આગળ જઈને આ પરિણામ કામ જ લાગશે. વિદ્યાર્થી જયમીન દેવાતકાએ જણાવ્યું, મારા ૯૩ ટકા પર્સન્ટેજ આવ્યા છે. હું સાયન્સમાં જવા માગું છું. આગળ કારકિર્દી બનાવવા માગું છું. આ માર્ક્સથી મને સંતોષ નથી. કારણ કે મહેનત કરીને જે માર્ક્સ આવે તેની ખુશી કંઈક અલગ જ હોય છે, પરંતુ જે કરેલું છે એ ફોગટ નથી જતું માટે જે મહેનત કરી છે તે આગળ જઈને કામ આવશે તેમ તેણે જણાવ્યું હતું.

## ગુજરાતમાં ગર્વના સમાચાર: સિંહોની વસ્તી વધીને ૭૦૦ને પાર પહોંચી



ગાંધીનગર,

અવારનવાર સિંહોના મોતના સમાચાર સામે આવતા રહે છે પરંતુ આ વચ્ચે ગુજરાતના જંગલોથી સારા સમાચાર સામે આવ્યા છે. સત્તાવાર રેકોર્ડ મુજબ ગુજરાતના જંગલોમાં સિંહોની સંખ્યા ૭૦૦ને પાર પહોંચી ગઈ છે. સિંહોની વસ્તીમાં ૬થી ૮ ટકાનો વધારો નોંધાયો છે. એક સમાચાર મુજબ વન વિભાગના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે પૂનમ અવલોકન (પૂનમના દિવસે સિંહોનું અવલોકન) અભિયાન દરમિયાન ગુજરાતમાં સિંહોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. વધુમાં અધિકારીએ જમાવ્યું કે ગુજરાતમાં સિંહોની સત્તાવાર સંખ્યા ૭૧૦થી ૭૩૦ની વચ્ચે છે. ૨૦૨૦ની વસ્તી ગણતરીમાં ગુજરાતમાં સિંહોની સંખ્યા ૬૭૪ નોંધાઈ હતી. ૨૦૧૯ની સરખામણીએ આ સંખ્યામાં ૨૮.૯ ટકાનો વધારો નોંધાયો હતો. અગાઉ ૨૦૧૫માં પણ ગુજરાતમાં સિંહોની સંખ્યામાં ૨ ટકાનો વધારો થયો હતો. ગુજરાતમાં ૨૦૧૫માં કુલ ૫૨૩ સિંહ હતા જે હવે વધીને ૭૧૦ સુધી પહોંચી ગયા છે. પાછલા દિવસોમાં ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા આંકડાઓ મુજબ ગુજરાતમાં ૧ જાન્યુઆરી ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ વચ્ચે વિવિધ કારણોસર ૩૧૩ સિંહના મોત થયાં. ૨૦૧૮માં ગિર અભ્યારણ્યમાં કેનઈક ડિસ્ટેંપર જેવા ઘાતક વાયરસના લપેટામાં આવવાથી ૨૩ સિંહના મોત થયાં હતાં. વર્તમાન આંકડાઓ મુજબ વર્ષ ૨૦૧૯માં ૧૫૪ અને વર્ષ ૨૦૨૦માં ૧૫૯ સિંહના મોત થયાં છે. જેમાં ૭૧ સિંહ, ૯૦ સિંહણ અને ૧૫૨ બચ્ચાં સામેલ છે.

### જાહેરાત
### જાહેરાત ક્રમાંક/૦૨/૨૦૨૧

શ્રી સરસ્વતી કેળવણી મંડળ, નવાગામ સંચાલિત ગ્રાન્ટ–ઈન–એઈડ શિવ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગદુકપુર ખાતે નિયામકશ્રી, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તારીખ : ૨૨/૦૬/૨૦૨૧ પત્રક્રમાંક રોતાનિ જીઆઈએ/ઘ–૨/જગ્યામંજુરી/૨૦૨૧/૨૮૯૦ થી અત્રેની સંસ્થાને મંજુર કરવામાં આવેલ નીચે દર્શાવેલ બિન શૈક્ષણિક જગ્યા માટે સીધી ભરતીથી ભરવા લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાનો પ્રકાર | જગ્યાની કેટેગરી | જગ્યાનું પગારધોરણ/ફિક્સપગાર | જગ્યાની લાયકાત અને અનુભવ (નિયામકશ્રી, રોજગાર અને તાલીમ ગાંધીનગરનાં પત્રક્રમાંકઃજીઆઈએ/૦૬/ઘ/૧૬૭૦ તા.૨૮/૦૩/૧૯૮૫ ના ભરતી નિયમો બંધનકર્તા રહેશે.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ટોર કીપર | ૦૧ | બિન શૈક્ષણિક | બિન અનામત | ૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે–૪૨૦૦ ફિક્સ પગાર ૩૧,૩૪૦/– | શૈક્ષણિક લાયકાત : માન્ય સંસ્થાનો સિવિલ અથવા મીકેનીકલ અથવા ઈલેક્ટ્રિકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈલેક્ટ્રોનિક્સ ડીપ્લોમાં ઇન એજીનીયરીંગ<br>અથવા<br>વિજ્ઞાન અને ગણિત ના વિષય સાથે એસ.એસ.સી.ઈ. પાસ કે તેની સમકક્ષ અને એન.સી.વી.ટી. પેટર્ન નો સર્ટીફીકેટ અભ્યાસક્રમ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયેલ હોવા જોઈએ.<br>અનુભવ : શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી સંબધિત વ્યવસાયને લગતો પ્રેક્ટીકલ અને/અથવા શૈક્ષણિક અનુભવ ડીપ્લોમાં હોલ્ડર માટે બે વર્ષનો અને સર્ટીફીકેટ હોલ્ડર માટે પાંચ વર્ષનો હોવો જોઈએ.<br>સરકારશ્રી ના ધારા–ધોરણ મુજબ કોમ્પ્યુટર તેમજ હિન્દી અને ગુજરાતી ભાષાનું જ્ઞાન જરૂરી હોવું જોઈએ. |

સૂચનીઓ :

(૧) લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમની શૈક્ષણિક ટેકનિકલ લાયકાત, અનુભવ અને જાતિના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સહિતની અરજી ઈ.આચાર્યશ્રી/સંચાલકશ્રી, શિવ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગદુકપુર, તા–ગોધરા, જી.પંચમહાલ''ને રજીસ્ટર પોસ્ટ એડીથી જ મોકલવાની રહેશે.

(૨) અરજીપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૪/૦૭/૨૦૨૧ છે. ત્યારબાદ આવેલ અરજીઓ માન્ય ગણવામાં આવશે નહીં.

(૩) સદરહુ જગ્યાઓ શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગના તા : ૨૧/૦૯/૧૯૮૯ નાં ઠરાવક્રમાંક : જીઆઈએ/૧૦૮૯/૧૦૪/૨(૨) થી નિયત થયેલ પસંદગી સમિતિ દ્વારા ભરવામાં આવશે.

(૪) આ જગ્યાઓ પર નિમાનાર કર્મચારીઓને ગ્રાન્ટ–ઈન–એઈડ કોડ–૧૯૮૪ ના ધોરણો/નિયમો બંધનકર્તા રહેશે.

(૫) ગ્રાન્ટ ઈન એઈડ કોડની પ્રવર્તમાન જોગવાઈઓ ધ્યાને લઈ વડી કચેરીના તા.૨૮/૦૩/૧૯૮૫ ના પરિપત્ર ક્રમાંક જીઆઈએ/૦૬/ઘ/૧૬૭૦ મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યા સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ ધ્યાને લઈ ફીક્સ પગાર થી ભરવાની રહેશે.

(૬) આ જગ્યાઓની ભરતી અંગેની વિસ્તૃત વિગતો રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in અને શિવ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગદુકપુરની વેબસાઈટ www.shiviti.org પરથી મળી શકશે.

સંચાલક
ગ્રાન્ટ-ઈન-એઈડ શિવ ઔદ્યાગિક તાલીમ સંસ્થા
ગદુકપુર, તા.ગોધરા, જી.પંચમહાલ
પીન કોડ : ૩૮૯૦૦૧

માહિતી/ગોધરા/૨૮૬/૨૦૨૧

## ભારત નેટ યોજના માટે ૧૯ હજાર કરોડના બજેટને મંજૂરી

ન્યુ દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ અને કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેયર્સની બેઠક યોજાઈ છે. આ બેઠકમાં પાવર ડિસ્ટ્રિબ્યૂશન રિફોર્મને મંજૂરી આપવામાં આવી છે. સાથે દેશના ગામડાઓને ઈન્ટરનેટ સાથે જોડવા માટે ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ ફંડને પણ મંજૂરી આપવામાં આવી છે. ભારત નેટ પ્રોજેક્ટ માટે ૧૯ હજાર કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી મળી છે.

કેબિનેટની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય વિશે જાણકારી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યુ- બે દિવસ પહેલા નાણામંત્રી નિર્મલા સીતારમને કોવિડને કારણે ૬ લાખ ૨૮ હજાર કરોડની મદદનું જે માળખુ જણાવ્યું હતું તેને આજે કેબિનેટે મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યુ- પહેલાની સરકારો જાહેરાત કરતી હતી તેને ઘણા દિવસો બાદ લાગૂ કરતી હતી, પરંતુ મોદી સરકારે યોજના જલદી લાગૂ કરી દીધી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું- જૂનથી નવેમ્બર સુધી સરકારે ફ્રી અનાજ આપવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ આ વખતે મેથી નવેમ્બર સુધી ૮૦ કરોડ લોકોને ફ્રી અનાજ મળશે, તે માટે ૯૩ હજાર કરોડ રૂપિયા જાહેર કરવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું ડીએપી ખાતર, યૂરિયાના ભાવ ન વધે તે માટે ૧૪ હજાર કરોડ રૂપિયાની સબ્સિડી આપવામાં આવી છે. ગામમાં બ્રોડબેન્ડ સુવિધા માટે ૧૯ હજાર કરોડ આપવામાં આવ્યા છે. ૯૭ હજાર કરોડ રૂપિયા વીજળી વ્યવસ્થાના સુધાર માટે, ૧ લાખ ૨૨ હજાર કરોડ રૂપિયા એક્સપોર્ટ સુવિધા માટે આપવામાં આવ્યા છે. આ આત્મનિર્ભર ભારતનું ચોથુ પેકેજ છે જે તત્કાલ પ્રભાવથી લાગૂ થશે.

પવાર સેક્ટરમાં સુધારા પર પણ કેન્દ્રીય કેબિનેટે મહત્વનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત રાજ્ય સરકારો પાસેથી પ્લાન માગવામાં આવશે અને કેન્દ્ર તરફથી તેને પૈસા આપવામાં આવશે. મોટા શહેરોમાં ઓટોમેટિક સિસ્ટમને પણ લાગુ કરવાની તૈયારી છે. કેન્દ્રીય મંત્રી આરકે સિંહે કહ્યું કે તેનાથી સોલર સિસ્ટમને મજબૂત કરવાનો પણ પ્લાન છે.

પાવર સેક્ટર માટે ૩.૦૩ લાખ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. આ ફંડથી ડિસ્કોમને ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ અને સુધારા માટે પૈસા આપવામાં આવશે. ૩ લાખ કરોડને આ ફંડમાં કેન્દ્ર સરકાર ૯૭,૬૩૧ કરોડ રૂપિયા આપશે.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યુ- દરેક ગામ સુધી ઈનફોર્મેશન હાઈવે પહોંચાડવા માટે પ્રધાનમંત્રી મોદીએ ઐતિહાસિક નિર્ણય લીધો છે. પાછલા વર્ષે ૧૫ ઓગસ્ટે દેશના ૬ લાખ ગામડાને ઓપ્ટિકલ બ્રોડબેન્ડમાં લાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો હતો. આજે અમે ૧ લાખ ૫૬ હજાર ગામડાઓ સુધી પહોંચી ચુક્યા છીએ. દેશના ૧૬ રાજ્યોમાં ભારત નેટને પીપીપી મોડલ હેઠળ લાગૂ કરવામાં આવ્યું છે. ત્રણ વર્ષ માટે કરાર કરી રહ્યાં છીએ, જેમાં અમે સંપૂર્ણ નેટવર્ક આપી રહ્યાં છીએ. તેમણે કહ્યું ગામડામાં ટેલીમેડિસિનની સુવિધા આપવામાં આવશે. દેશના ગામડામાં બાળકો માટે સારા કોચિંગની વ્યવસ્થા હશે.

દેશમાં ગામ-ગામ સુધી ઈન્ટરનેટ પહોંચાડવા માટે ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ ફંડને મંજૂરી આપવામાં આવી છે. ભારત નેટ પ્રોજેક્ટ માટે ૧૯ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મહત્વનું છે કે આ પ્રોજેક્ટ દ્વારા સરકાર દેશની દરેક ગ્રામ પંચાયતને બ્રોડબેન્ડ કનેક્શન સાથે જોડી રહી છે.

## ફાઈનલ: અમદાવાદમાં રથયાત્રા નીકળશે, તૈયારીઓ શરુ કરાઈ



અમદાવાદ,

અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલુ કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે રથ ખેંચનાર ખલાસીઓને રસી લેવાનું જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત મંદિરના સેવક, ટ્રસ્ટી અને મહંત દિલીપદાસજીએ રસી લીધી છે. ભગવાનના નેત્રોત્સવ

(અનુ.પાના.નં.૨)

## આંતરરાષ્ટ્રીય ઉડાનો પર ૩૧ જુલાઈ સુધી લંબાવાયો પ્રતિબંધ



ન્યુ દિલ્હી,

દેશમાં ડેલ્ટા પ્લસ વેરિએન્ટના વધતા જતા કેસો અને ત્રીજી લહેરની આશંકા વચ્ચે ડીજીસીએએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ડીજીસીએએ દેશમાં આવતી અને જતી આંતરરાષ્ટ્રીય પેસેન્જર ફ્લાઈટ્સ પરના પ્રતિબંધને ૩૧ જુલાઈ ૨૦૨૧ સુધી લંબાવી દીધો છે.

જારી કરાયેલા નવા પરિપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પરનો પ્રતિબંધ વધારવાના નિર્ણયથી કાર્ગો વિમાનોને અસર થશે નહીં. આ સાથે તે ફ્લાઈટ્સને પણ આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવશે જેને ડીજીસીએ દ્વારા ખાસ મંજૂરી આપી છે. કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૨૩ માર્ચ ૨૦૨૦ માં ભારતમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ સ્થગિત કરવામાં આવી હતી, પરંતુ મે ૨૦૨૦ થી વંદે ભારત અભિયાન અને જુલાઈ ૨૦૨૦ થી પસંદગીના દેશો વચ્ચે દ્વિપક્ષીય ''એર બબલ'' અંતર્ગત ખાસ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ઉડાન ભરી રહી છે.

ભારતે અમેરિકા, સંયુક્ત આરબ અમીરાત, કેન્યા, ભૂટાન અને ફ્રાન્સ સહિતના ૨૭ દેશો સાથે એર બબલ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. બંને દેશો વચ્ચેના આ કરાર હેઠળ, ખાસ આંતરરાષ્ટ્રીય વિમાન તેમના પ્રદેશો વચ્ચે ઉડાન ભરી શકે છે. આંતરરાષ્ટ્રીય પેસેન્જર વિમાન પર સસ્પેન્શન વધારવાનો નિર્ણય ભારતમાં કોરોનાવાયરસની ત્રીજી લહેરના ભયને ધ્યાનમાં રાખીને આવ્યો છે.

### PUBLIC NOTICE

Notice is here by given that the following share certificates that are registered in my name have been lost. Therefore, I have applied for issue of duplicate share certificate to the M/s Axtel Industries Limited, Vadodra-Halol Highway, Baska, Panchmahal – 389350, Gujarat, India. So, general public are warned about not to deal with the following securities and if company does not receive any objection within 15 days from the date of publication of this notice on above-mentioned regd- address of the company, or to the company's R&T Agent LinkIntime India Pvt Ltd, B-102 & 103, Shangrila Complex, First floor, Opp HDFC Bank, Near Radhakrishna Char Rasta, Akota, Vadodra – 390020. The company will proceed for the issue of duplicate share certificates in my name.

| S.No. | Folio No. | Name of Shareholder | Distinctive No. | Certi No. | Shares (Qty.) |
|---|---|---|---|---|---|
| 1 | 0007319 | USHA RANI | 3683601-3683700 | 19068 | 100 |

Date:July 01, 2021
Place: Panchmahal, Gujarat

Sd/-
USHA RANI (Applicant)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાણા આર. એફ.

મુ. સીમલીયા, તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. જી. પરમાર

મુ. દલવાઈસાવલી, તા. લુણાવાડા

# મહીસાગર જિલ્લો કોરોના મુકત બન્યો : સતત દસમા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં દસમા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત બન્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૩૦-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોંધાયા છે.

હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૨૮૮૬૦૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જ્યારે ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લાદસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુક્ત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

# મહીસાગર જિલ્લાના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત એવોર્ડ ઇચ્છુક ઉમેદવારો જોગ સુચના

લુણાવાડા,
ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલય દ્વારા ૧૯૯૨-૯૩થીરાષ્ટ્રીય સેવા યોજના (NSS) એવોર્ડ આપવામાં આવે છે. જે અન્વયે મહીસાગર જિલ્લામાંથી ઇચ્છુક ઉમેદવારોને જણાવવામાં આવે છે કે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ત્રણ કેટેગરી ૧.યુનિવર્સિટી/+૨ કાઉન્સીલ. ૨ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમો તથા તેમના પ્રોગ્રામ અધિકારીઓ. રાષ્ટ્રીય સેવા યોજના(ગજ્જ) સ્વયંસેવકો. આ પ્રમાણે એવોર્ડ એનાયત કરવામાં આવનાર છે જે માટે તાઃ ૦૩/૦૭/૨૦૨૧ સોમવારે ૧૨.૦૦ કલાક સુધીમાં આપની અરજી (નામ, સરનામું, જન્મતારીખ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ ડી વિગતો સાથે) પાસપોર્ટ સાઈઝ ફોટો, આધાર કાર્ડ અને જરૂરી આધાર પુરાવા સાથે (બે નકલમાં) જિલ્લા રમતગમત અધિકારીની કચેરી મહીસાગર, રૂમ નં ૨૩૨, બીજો માળ, કલેક્ટર કચેરી, મહીસાગર, લુણાવાડા ખાતે મોકલી આપવા આથી જીલ્લા રમતગમતઅધિકારીની એક અખબારીયાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પાનમ ડેમમાંથી પાણી છોડતા શહેરા પંથકના ખેડુતોમાં આનંદ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા પાનમ ડેમમાંથી ખેડૂતોની માંગણીને લઈને ખરીફ પાક માટે પાનમ કેનાલમાં ૨૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ હતી. મોરવા-રેણા સહિત મહીસાગર અને વડોદરાના સાવલી તાલુકાના ગામો મળીને ૧૦૦થી વધુ ગામના ખેડૂતોને સિંચાઈ કેનાલનું પાણી મળી રહશે.

પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન પાનમ જળાશય ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. પાનમ ડેમમાંથી ખેડૂતોની માંગણીને લઈને પાનમ મુખ્ય સિંચાઈ કેનાલમાં ૨૦૦ ક્યુસેક પાણી છોડવામા આવ્યુ હતું. પાનમ સિંચાઈ કેનાલમાં પાણી છોડવામાં આવતા ખાલીખમ જોવા મળતી કેનાલ ધીમે ધીમે પાણીથી ભરાતી જોવા મળી રહી હતી. તાલુકાના મોરવા રેણાના આજુ બાજુના ગામો સહિત મહીસાગર અને વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગામો મળીને ૧૦૦થી વધુ ગામના ખેડૂતોને ખરીફ પાક માટે સિંચાઈ કેનાલનું પાણી મળી રહશે. જેને લઈને પાનમ સિંચાઈ કેનાલનું પાણી મેળવતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ હતી. પાનમ ડેમમાં હાલ ૪૫ ટકા પાણીનો જથ્થો હોવાથી ખેડૂતોની માંગણીને લઈને પાનમ સિંચાઈ વિભાગ દ્વારા બુધવારના રોજથી પાનમ સિંચાઈ કેનાલમાં ચોમાસા સિઝન માટે પાણી છોડવામા આવ્યું છે. જ્યારે બીજી તરફ જોવા જઈએ તો વરસાદ આધારીત ખેતી કરતા ખેડૂતો કાગડોળે વરસાદની રાહ દેખવા સાથે મેઘરાજા મન ભરીને વર્ષે તે માટે ઈશ્વર ને પ્રાર્થના કરી રહયા છે.

# ઘોઘંબાના શનિયાડા ગોંદલી પ્રા.શાળામાં શ્રી રંગ સેવા દ્વારા ચોપડા અને નોટબુકનું વિતરણ કરાયું



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાની સામી ઘસ સનિયાડા પ્રાથમિક શાળા તથા કાચલી ફળિયા ગોદલી પ્રાથમિક શાળામાં શ્રી રંગ સેવાઓ સ્ટેશન વડોદરા દ્વારા ચોપડા તથા નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું.

ઘોઘંબા તાલુકામાં આવેલી કાલે ફળિયા ગોદલી પ્રાથમિક શાળા તથા સનિયાડા સામે ૧૦ પ્રાથમિક શાળામાં શ્રીરંગ સેવા તીર્થ ફાઉન્ડેશન વડોદરાના તથા કેનેડા નિવાસી ચીમનભાઈ પટેલના સહયોગથી ૨૦૦૦ નંગ ચોપડા, નોટબુક અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું. શાળાના વિદ્યાર્થીઓ અત્યારે શાળામાં આવતા નથી, પરંતુ શિક્ષકો દ્વારા ઓનલાઈન શિક્ષણ તથા શેરી શિક્ષણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ સંસ્થા દ્વારા ગામડાના ઊંડાણ વિસ્તારના બાળકો મહત્વપૂર્ણ શિક્ષણનો લાભ લે તે હેતુથી સદર શૈક્ષણિક સામગ્રીનો વિતરણ કાર્યક્રમ કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ કનુભાઈ લીમ્બાચીયા, ઉપપ્રમુખ જગતભાઈ પટેલ, સુમિતભાઈ વસા, દેવેન્દ્રભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. ઘોઘંબા તાલુકાના સામાજિક કાર્યકર અને શિક્ષક એવા રાજેશકુમાર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરી પોતાની કારકિર્દી સફળ બનાવવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન પ્રવચન આપ્યું હતું સાથે સાથે તેઓને કોરોના મહામારી અને ડેલ્ટા પ્લસ વાયરસની મુશ્કેલીમાંથી બચવા માટે કાળજી રાખવા વિશે સમજ આપવામાં આવી હતી.

સદર શાળાઓના શિક્ષકો તુષારભાઈ પટેલ તથા રમેશભાઈ પટેલ અને કમલેશભાઈ રાઠવા દ્વારા આ ટ્રસ્ટને યથા યોગ્ય અનુદાન આપીને સહકાર પ્રાપ્ત કર્યો છે. જેઓનો પણ સદર શાળાઓના વાલીઓ તથા ફાઉન્ડેશન દ્વારા ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

# લુણાવાડા કોઠંબા પોલીસ મથકના ગુનાના વોન્ટેડ આરોપીને LCBએ તડીપાર ડભાણ ગામેથી ઝડપ્યો



લુણાવાડા,
લુણાવાડાના કોઠંબા પોલીસ મથકે નોંધાયેલ વિશ્વાસઘાત છેતરપિંડી ગુનામાં નાસતા ફરતા આરોપી નડીયાદના ડભાણ ગામે ભાડાના મકાનમાં રહેતા હોય તેવી એલ.સી.બી. પોલીસને બાતમીના આધારે રેઈડ કરી વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે લુણાવાડાના કોઠંબા પોલીસ મથકે નોંધાયેલ વિશ્વાસઘાત છેતરપિંડીના ગુનાનો આરોપી અતુલ રાયસીંગભાઈ રાજપુત નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય તેવા આરોપી અંગે મહિસાગર એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, હાલમાં અતુલ રાજપુત નડીયાદના ડભાણ ગામે ભાડાના મકાનમાં રહે છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. ટીમે ડભાણ ગામે બાતમીવાળી જગ્યાએથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને એલ.સી.બી. કચેરી લાવી પુછપરછ કરતાં નડીયાદ રૂલર, નડીયાદ રેલ્વે તથા વલ્લભ વિદ્યાનગર આણંદ ખાતે ગુનો આચરેલ હોવાનું જાણવા મળ્યું છે.

# પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા વચ્ચે અમૂલે દૂધમાં ૨ રૂ.નો વધારો કર્યો




અમદાવાદ,
હાલ કોરોના કાળમાં સામાન્ય પ્રજા મોંઘવારીનો માર સહન કરી રહી છે. પેટ્રોલ અને ડીઝલના ભાવો ઐતિહાસિક સપાટીએ છે. અમદાવાદમાં ૯૫ રૂપિયાથી પણ વધારે લિટરે પેટ્રોલ વેચાઈ રહ્યું છે. તેલ અને શાકભાજીના ભાવોમાં પણ ભડકો છે. આ વચ્ચે સામાન્ય જનતા માટે વધુ એક ઝટકો લાગ્યો છે. અમુલે પોતાની તમામ બ્રાન્ડના દૂધમાં ૨ રૂપિયાનો ભાવવધારો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને કારણે સામાન્ય પ્રજા પિસાઈ રહી છે. સિંગતેલ સહિતના ખાદ્યતેલના ભાવો પણ આસમાને પહોંચ્યા છે. કોરોના કાળમાં અનેક લોકોની નોકરીઓ પણ છૂટી ગઈ છે. અથવા પહેલાં કરતાં ઓછી કમાણી થઈ રહી છે. આ વચ્ચે ઓછી આવકમાં ઘર ચલાવવું પડી રહ્યું છે. તેવામાં ઘરમાં સૌથી આવશ્યક વસ્તુ એવી દૂધના ભાવમાં અમુલે ૨ રૂપિયાનો વધારો કરતાં સામાન્ય લોકોની હાલત કફોડી બની જશે. અમુલે તમામ બ્રાન્ડના દૂધમાં ૨ રૂપિયા પ્રતિ લિટરનો ભાવ વધારો કરતાં હવે અમુલ ગોલ્ડ પ્રતિ લિટર હવે રૂ.૫૮માં મળશે, અમુલ તાજા પ્રતિ લિટર હવે રૂ.૪૬માં મળશે, અને અમુલ શક્તિ પ્રતિ લિટર હવે રૂ.૫૨માં મળશે. અને અમુલ દ્વારા કરવામાં આવેલો આ ભાવવધારો આવતીકાલથી જ અમલી બનશે. એટલે કે આવતીકાલથી તમારા ખિસ્સા વધારે ઢીલા કરવા માટે તૈયાર રહેજો.

# ભારતમાં કોરોના સંક્રમણ ઘટવાની સાથે દૈનિક મૃત્યુઆંક પણ ઘટીને ૮૧૭ થયો

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો ૫૦ હજારની અંદર નોંધાયો છે. જ્યારે મૃત્યુઆંક ઘટીને ૮૦૦ની નજીક આવ્યા છે. કોરોનાના નવા કેસમાં ઘટાડો થતા રિકવરી રેટ પણ ઘણો ઊંચો જઈ રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૫,૯૫૧ કેસ નોંધાયા છે. જેની સામે ૮૧૭ દર્દીઓના મૃત્યુ થયા છે. ભારતમાં કોરોનાના નવા કેસમાં સતત ઘટાડો થવાથી રિકવરી રેટ વધીને ૯૬.૯૨% પર પહોંચ્યો છે.

૨૪ કલાકમાં વધુ ૬૦,૭૨૯ દર્દીઓ સાજા થયા છે જેની સાથે કુલ સાજા થયેલા દર્દીઓ વધીને ૨,૯૪,૨૭,૩૩૦ થઈ ગયા છે. જ્યારે કુલ સંક્રમિતોનો આંકડો ૩,૦૩,૬૨,૮૪૮ પર પહોંચ્યો છે. મહત્વનું છે કે ગઈ કાલે કોરોનાના નવા કેસની સંખ્યા ૩૭,૫૬૬ સાથે ૪૦ હજાર કરતા પણ નીચે નોંધાઈ હતી. જ્યારે ૯૦૭ દર્દીઓના મોત થયા હતા. દૈનિક ૮૦૦થી વધુ કોરોનાથી મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૩,૯૮,૪૫૪ થઈ ગયા છે.

કોરોનાને હરાવીને સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં વધારો થવાથી એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૫,૩૭,૦૬૪ પર પહોંચી ગઈ છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોનાની રસી અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૯મી મે સુધીમાં કુલ ૩૩,૨૮,૫૪,૫૨૭ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૯ જૂન સુધીમાં કુલ ૪૧,૦૧,૦૦,૦૪૪ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૯,૬૦,૭૫૭ સેમ્પલ લેવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૪ મેના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી. ૨૩ મેના નવા કેસ સાથે કુલ કેસ ૩ કરોડને પાર થઈ ગયા છે.

# ધો. ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખવા CCTV ધરાવતી શાળાને જ કેન્દ્ર અપાશે



ગાંધીનગર,
આગામી ૧૫ જુલાઈથી શરૂ થનારી ધો.૧૦ અને ૧૨ની રિપીટર, ખાનગી અને પૃથ્થક વિદ્યાર્થીઓની પરીક્ષાર્થી પર સીસીટીવીથી નજર રખાશે. તેના માટે શિક્ષણ બોર્ડ દ્વારા તમામ ડીઈઓને પરીક્ષા કેન્દ્રોના સીસીટીવી ચાલુ હોવા અંગેનો અહેવાલ મોકલવા આદેશ કર્યો છે.

જે સ્કૂલોને પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે ત્યાં કેમેરાની વ્યવસ્થા છે કે કેમ તેની ચકાસણી કરી બોર્ડને અહેવાલ સુપરત કરાશે. આ ઉપરાંત બોર્ડ દ્વારા સીસીટીવી કેમેરા અંગેની માર્ગદર્શક સુચનાઓ પણ ડીઈઓને મોકલી આપી છે. કેમેરામાં વિડીયોની સાથે ઓડીયો રેકોર્ડીંગની પણ સુવિધા હોવી જોઈએ તે માટે પણ બોર્ડ દ્વારા જણાવાયું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને લઈ જિલ્લાની સીડી વ્યુઈંગ તેમજ કોપી કેસ તૈયાર કરવા અંગેની કામગીરી વધારે સારી રીતે કરવા માટે તાકીદ કરી છે.

આગામી જુલાઈ ૨૦૨૧માં લેવાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના ખાનગી, રિપીટર અને પૃથ્થક ઉમેદવારોની પરીક્ષા દરમિયાન સીસીટીવી કવરેજ અસરકારક રીતે કરવા માટે બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીઓને સુચના આપી છે. જે સ્કુલોને છેલ્લા ૩ વર્ષ દરમિયાન મંજુરી મળી હોય અને તે શાળાને પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યો હોય તો તેવી શાળાની નોંધણીની શરત મુજબ સીસીટીવીની વ્યવસ્થા ફરજિયાત હોવી જરૂરી છે.

તમામ પરીક્ષા કેન્દ્રો સીસીટીવીના ઈન્સ્ટોલેશનથી સજ્જ હોય, સીસીટીવી કેમેરા કાર્યરત હોય તેમજ સીસીટીવીમાં ઓડીયો રેકોર્ડીંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે અને ફુટેજની ડીવીડીમાં ઓડીયો વિડીયો રેકોર્ડીંગ તૈયાર કરીને મોકલવા માટે સુચના અપાઈ છે.

વધુમાં તમામ વર્ગખંડમાં સીસીટીવી કેમેરા મુકાય તે ઉપરાંત બિલ્ડીંગ કંડકટરની રૂમમાં પણ સીસીટીવી કેમેરા ચાલુ હાલતમાં રાખવા માટે બોર્ડ દ્વારા તાકીદ કરાઈ છે. જિલ્લાના તમામ જુના અને નવા પરીક્ષા કેન્દ્રો ખાતે સીસીટીવી કેમેરા ચાલુ હોવા અંગેનો અહેવાલ તાત્કાલીક મોકલવા માટે બોર્ડ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

**નુતન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી. ફાર્મસી કોલેજ રામપુરા, ગોધરા દ્વારાવર્ષ ૨૦૦૬ થી બેચલર ઓફ ફાર્મસી કોર્સ ચલાવવામાં આવે છે. આ સંસ્થાને એ.આઇ.સી.ટી.ઇ. અન ફાર્મસી કાઉન્સીલ ઓફ ફઈન્ડિયા દિલલીથી માન્યતા મડેલ છે અને સંસ્થા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવસીટી સાથેપણ જોડાણ ધરાવે છે. તાજેતરમાં સંસ્થાના વાઈસ પ્રિન્સીપલ ડો. સુરેશ જૈન દ્વારા ડો. ભાનુંવઘાસિયા, ડાયરેકટર, ગલોબેલા ફાર્મા પ્રા. લી જોડે એમ.ઓ.યુ કરાયો. તેનાથી વિદ્યાર્થી ઓને ઈન્ડસ્ટ્રીમાં ટ્રેનિગ મળશે તેમજ તેઓ ઈન્ડસ્ટ્રીના પ્રોબ્લેમનું નિવારણ તેમના પ્રોજેકટ દ્વારા કરી શક્શે. ઈન્ડસ્ટ્રી તેમનું પ્લેસમેંટ કરવામાં પણ મદદ કરશે.**

(પાન નં.૧ નું ચાલુ)

## ફાઈનલઃ અમદાવાદમાં રથયાત્રા.....

વિધિ માટે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પણ આ પ્રસંગે ફરી વાર ગુજરાત મુલાકાતે આવશે. તેઓ ૧૨ જુલાઈએ એક દિવસના ગુજરાત પ્રવાસે આવશે અને રથયાત્રાના દિવસે સહપરિવાર ભગવાન જગન્નાથના દર્શન કરશે. અમિત શાહ દર વર્ષે રથયાત્રાના દિવસે પરિવાર સાથે મંગળા આરતીમાં હાજર રહે છે. ત્યારે તેઓ આ વખતે પણ રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથના દર્શન કરશે. જોકે પરંપરા અનુસાર, રથયાત્રામાં લોકોને મગ-જાબુંનો પ્રસાદ પણ આપવામાં આવશે. મર્યાદિત લોકોની હાજરીમાં જ રથયાત્રા યોજાય એવી પૂરી તૈયારીઓ કરી દેવામાં આવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મંદિરના ટ્રસ્ટીઓ તેમજ મહંત સાથે રથયાત્રાને લઈ દરરોજ ચર્ચા કરવામાં આવી રહી છે. ભગવાન જગન્નાથની રથયાત્રા અંગે કેન્દ્રીય ગૃહમંત્રી, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ગૃહ રાજયમંત્રી સહિતના નેતાઓને આમંત્રણ પણ આપવામા આવશે. આ સાથે જ બીજી તરફ ભગવાનના મોસાળ સરસપુર ખાતે રથયાત્રાને લઈને તૈયારીઓ ચાલી રહી છે. સરસપુર ખાતેના રણછોડજી મંદિર ભાણેજના સ્વાગત માટે તૈયાર છે. દર વર્ષની જેમ મામેરું અને ભાણેજનું ભાવભીનું સ્વાગત કરવા મોસાળ ખાતે તૈયારી શરૂ કરી દેવાઈ છે. બીજી બાજુ સ્થાનિક પોલીસ દ્વારા પણ ફૂટ પેટ્રોલિંગ કરીને રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૧-૦૭-૨૦૨૧, ગુરૂવાર, જેઠ વદ-૭, સૂર્યોદય-૫-૨૬, સૂર્યાસ્ત-૭-૨૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.), નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

**તા.૦૧.૦૭.૨૦૨૧ ગુરૂવાર**

મેષ (અ.લ.ઈ.):- તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે.

વૃષભ(બ.વ.ઉ.):- ધ્યાન રાહત લાવશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.

મિથુન(ક.છ.ઘ.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

કર્ક(ડ.હ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે.

સિંહ(મ.ટ.):- સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

કન્યા(પ.ઠ.ણ.):- કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે.

તુલા(ર.ત.):- મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

મકર(ખ.જ.):- અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

કુંભ(ગ.શ.સ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

મીન(દ.ચ.ઝ.):- આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે.

# દાહોદ ખાતે બર્ડ કન્ઝર્વેશનના સહયોગ થી પક્ષીઓ વિશે સમજ માટે તાલીમનું આયોજન કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ઓફ ગુજરાતના સહયોગથી લિટલ ફ્લાવર સ્કૂલ ખાતે પક્ષીઓ વિશેની પ્રાથમિક સમજ આપવા બે દિવસીય પક્ષી જગત ઓળખ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

લિટીલ ફલાવર સ્કુલમા શિબિર ની શરૂવાત કરાઈ ત્યાર બાદ બહાર થી આવેલા તજજ્ઞો દ્વારા પ્રોજેક્ટરના માધ્યમથી કુલ ૫૦ જેટલા લોકોએ જેમાં જુદી જુદી શાળાના શિક્ષકો વનવિભાગના કર્મચારીઓ સંસ્કાર એડવેન્ચર ટીમના સભ્યો સહિત દાહોદવાસી ઓએ ભાગ લઈ તેઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. બીજા દિવસે દાહોદ પાસે જેકોટ ખાતે દેવધરી મંદિરે કુલ ૩૫ લોકોને જંગલમાં ટ્રેકિંગ કરાવીને અને દાહોદના જંગલોમાં પક્ષીઓ વિશે બાયનોક્યુલરના મદદથી પક્ષીઓ ઓળખ કરવી અને તમામ શિબિરાર્થીઓને દાહોદ વિસ્તારમાં જોવા મળતા અલગ-અલગ પક્ષીઓ વિશેની સમજ આપવામાં આવી હતી. બર્ડ કન્ઝર્વેશન સોસાયટી દ્વારા બહાર થી આવેલ ડોકટર ધવલ શુકલ ભાનુભાઈ તેમજ મેહુલભાઈ એ પક્ષીઓ વિશેની વિસતૃ માહિતી આપી લોકોને માહિતગાર કર્યા હતા. બે દિવસના કાર્યક્રમમાં સંપૂર્ણ માર્ગદર્શન તેમજ સહયોગ લિટલ ફલાવર સ્કૂલ ના આચાર્ય કૃતાર્થ જોષીસર પૂરૂં પાડ્યું હતું. આ કાર્યકર્મને સર્ટીફીકેટ કોર્સમાં પરિવર્તિત કરવાનું એમણે સૂચન આપ્યું છે શિબિરાર્થીઓને દાહોદની આસપાસ આવેલા પક્ષીઓ વિશે માહિતી મેળવ્યા બાદ વિશેષ ઉમંગ જોવા મળ્યો હતો અને ભવિષ્યમાં પણ આ કાર્યક્રમ દાહોદમાં થાય તેવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

દાહોદમાં પ્રથમ વખત દાહોદની આસપાસ પક્ષીઓ વિશે લોકોમાં પક્ષી પ્રત્યે પ્રેમ અને જાગૃતિ આવે એ ઉદ્દેશ હતી. બર્ડ કંજર કન્ઝર્વેટિવસોસાયટ ઓફ ગુજરાતના સહયોગથી સંસ્કાર એડવેન્ચર અને લોક વિજ્ઞાન કેન્દ્ર લિટલ ફ્લાવર સ્કૂલ દ્વારા આયોજિત પક્ષીઓની માહિતી પ્રોજેક્ટના માધ્યમથી મહેન્દ્ર કરાવવામાં આવેલ હતું. જેમાં જુદી જુદી શાળાના શિક્ષકો વન કર્મચારીઓ તેમજ સંસ્થાના સભ્યોએ ભાગ લીધો હતો. બીજા દિવસે દેવધરી જેકોટ ખાતે પ્રેક્ટીકલ નોલેજ આપવા માટે જંગલમાં વિવિધ પક્ષીઓના નામ તેમજ એમનો બિહેવ્યર તે આવનાર લોકોને માહિતગાર કરવામાં આવેલ હતું પક્ષીઓ વિશે ડોક્ટર ધવલ શુક્લ ભાનુ સાહેબ તેમજ મેહુલભાઈ એ માહિતગાર કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રતાપ જોશી પ્રિન્સીપાલ આ પ્રવૃત્તિને સર્ટીફિકેટ કોર્સ તરીકે થાય તેવી ઈચ્છા વ્યકત કરેલ છે. આવતા સમયમાં આનાથી બીજો એક ગેમ કરવામાં આવશે. જેમાં જે લોકો અત્યારે ભાગ લીધેલ છે. તેઓને આનાથી અગાઉ કઈ રીતે પક્ષીઓ વિશે માહિતી મેળવવી તે અંગે નોલેજ આપવામાં આવશે અને આવી રીતે ત્રીજો પણ એક શિબિર યોજવામાં આવશે. આ રીતે એક સર્ટિફિકેટ કોર્સ તરીકે આને કરવામાં આવશે.

# ૧૦ મી જુલાઈ ૨૦૨૧ જાહેર રજાના દિવસે ભવ્ય નેશનલ લોકઅદાલતનું આયોજન

દાહોદ,

દાહોદ જીલ્લાના રહેવાસીઓને તથા લાગતાં વળગતાં તમામ લોકોને જાણ કરવામાં આવે છે કે, (૧) નામદાર રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળ ન્યુ દિલ્હીના આદેશથી નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ માર્ગદર્શન હેઠળ દાહોદ ખાતે ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ , જિલ્લા અદાલત દોહોદનાં અધ્યક્ષ સ્થાને તથા તાલુકા કક્ષાએ (૧) દેવગઢ બારીયા (૨) લીમખેડા (૩) ઝાલોદ (૪) ગરબાડા (૫) ધાનપુર (૬) ફતેપુરા (૭) સંજેલી કોર્ટોમાં ૧૦-૦૭-૨૦૨૧ નાં શનિવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નેશનલ લોક અદાલત યોજાનાર છે. આ લોક અદાલતમાં દાહોદ જીલ્લાની તમામ કોર્ટોમાં ચાલતા (૧) ક્રિમીનલ કંમ્પાઉન્ડેબલ કેસો (૨) નેગીશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળના કેસો (૩) બેન્ક રિકવરી વળતરના કેસો (૪) વાહન અકસ્માતના રિપોર્ટવાળા કેસો (૫) કૌટુબીક તથા લગ્ન જીવનને લાગતા કેસો (૬) શ્રમયોગી સિવાયના કેસો (૭) જમીન સંપાદન હેઠળના કેસો (૮) વીજળી તથા લાઈટ બીલના કેસો (૯)દિવાની કેસો જેવા કે ભાડુઆત સંબંધીત , બેન્ક લેણા તથા સીવીલ દરખાસ્તો કોર્ટમાં પેન્ડીંગ હોય તેવા કેસો લોક અદાલતમાં મુકી પક્ષકારોની સંમતિથી સમાધાનથી ફેસલ કરી શકાશે.વધુમાં ઉપરોક્ત જણાવેલ કેસોમાં લોક અદાલતના માધ્યમથી સમાધાન કરવા ઈચ્છા ધરાવતા તમામ પક્ષકારોને સંબંધીત કોર્ટનો સંપર્ક કરી તાત્તકાલીક અરજી કરવી જેથી સામા પક્ષકારોને નોટીસ કરી હાજર રખાવી સમાધાનથી કેસ પુરો કરી શકાય.પ્રિલિટીગેશન કેસો અથવા પેન્ડીંગ કેસો જે દાહોદ જિલ્લા ન્યાયાલયમાં કે તાલુકા કક્ષાની અદાલતોમાં કાર્યક્ષેત્રમાં હોય ત્યાં આપ કે આપના વકીલએ સંબંધીત કોર્ટમાં આપના કેસ તારીખ ૧૦-૦૭-૨૦૨૧ (શનિવાર) ના રોજ આયોજીત રાષ્ટ્રીય લોકઅદાલત માં મુકવા સંપર્ક કરી શકો છો.લોક અદાલતમાં કેસોને ઝડપી નિકાલ અને વળતર અરજીના કિસ્સામાં અરજદારોને વળતરના નાણાં ઝડપથી મળે છે. આ લોક અદાલતનો મહત્તમ લાભ લેવા અને આ લોકઅદાલતમાં તમામ પ્રકારના સમાધાનપાત્ર કેસો મુકવા માટે દાહોદ જિલ્લાના દરેક વિ.વકીલઓને તથા નાગરીકોને અનુરોધ કરવામાં આવે છે.

# ઝાલોદના પીપળીયા ગામે જમીન વાવણીને લઈ છુટા હાથે મારામારી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પીપળીયા ગામે જમીનમાં વાવણી કરવા મામલે ગામમાં રહેતાં બે પરિવારો વચ્ચે ઝઘડો તકરાર થયાં બાદ છુટા હાથની મારમારી તેમજ કુહાડી, ધારીયા જેવા મારક હથિયારા ઉછળથાં બંન્ને પક્ષના મળી કુલ પાંચ જેટલા વ્યક્તિઓને ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે. આ સંબંધે બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગત તા.૨૯ મી જુનના રોજ પીપળીયા ગામે રહેતાં જીજ્ઞેશભાઈ હરસીંગભાઈ અમલીયાર, હરસીંગભાઈ વાલસીંગભાઈ અમલીયાર, પોપટભાઈ વાલસીંગભાઈ અમલીયાર અને દિલીપભાઈ પ્રેમાભાઈ અમલીયાર એમ ચારેય જણા પોતાના ગામમાં રહેતાં દેવીચંદભાઈ તુરસીંગભાઈ અમલીયારના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેતા હતાં કે, તમો આ જમીનમાં કેમ વાવણી કરો છો આ જમીન તો અમારી છે, તેમ કહી ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાયા હતાં અને પોતાની સાથે લાવેલ કુહાડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી દેવીચંદભાઈને તથા તેઓને વચ્ચે છોડવવા પડેલ મંજુલાબેનને માર મારી શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત દેવીચંદભાઈ તુરસીંગભાઈ અમલીયારે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સામાપક્ષેથી પીપળીયા ગામે રહેતાં હરસીંગભાઈ વાલસીંગભાઈ અમલીયારે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, તેમના જ ગામમાં રહેતાં નાગરભાઈ ભેરૂભાઈ અમલીયાર, અલ્કેશભાઈ કડુભાઈ અમલીયાર, રાકેશભાઈ કડુભાઈ અમલીયાર અને દેવીચંદભાઈ તુરસીંગભાઈ અમલીયારે એકસંપ થઈ હરસીંગભાઈના ઘરે ધારીયા જેવા મારક હથિયારો સાથે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ જમીન તો અમારી છે તમે કોણ છો, તેમ કહી એકદમ ઉશ્કેરાયાં હતાં અને પોતાની સાથે લાવેલ ધારીયા વડે હરસીંગભાઈ અને પોપટભાઈને ધારીયા વડે અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત હરસીંગભાઈ વાલસીંગભાઈ અમલીયારે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માર્ગ વિભાગ નિંદ્રાહીન અવસ્થામાં દે.બારીયાના જામરણ ગામથી નાડાતોડને જોડતા રસ્તા પર ડગલે ને પગલે ખાડા

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના જામરણ ગામેથી સિંગલ પટ્ટી રોડ જે નાડાતોડ હનુમાન મંદિર પાસે નીકળે છે.

આ રસ્તો જામરણ નિશાળ ફળિયા થી જામરણ પુજારા ફળિયા સુધી લગભગ એક થી દોઢ કિલોમીટરના અંતર છે. જ્યાં ડગલેને પગલે ખાડા જોવા મળી રહ્યા છે સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર તંત્રને રજૂઆત કરી હોવા છતાં હજી સુધી એનો કોઈ ઉકેલ આવ્યો નથી.

ઉપરાંત આ પૂજરા ફળીયા નજીક ખાડા પડેલ છે. જ્યાં ખાડા ને ટાળવા જતા વાહન ચાલકો ગંભીર રીતે ગાડીઓ પરનું કાબુ ગુમાવતા એકિસડન્ટ નો મહોલ સર્જાઇ છે.

જામરણ તેમજ નાડાતોડ ના સ્થાનિક રહીશોને અવર-જવર માટે માત્ર આ એક જ સીંગલપટ્ટી રસ્તો છે. એ રસ્તા પરથી આ બંને ગામના સ્થાનિક રહીશોને તેમજ આજુબાજુના ગામના રહીશોને ઘરવખરી કરિયાણું માલસામાન લેવા જવા માટે મોટી મુશ્કેલી ભોગવવી પડે છે. સ્થાનિક ગ્રામજનો તેમજ વાહનચાલકો દ્વારા તંત્ર સામે માર્ગનું નવીનીકરણ અથવા હાલ ચોમાસા પૂરતું રીપેરીંગ થાય તેવી અપીલ સાથે લોક માગણી ઉઠવા પામી છે.

જોકે આગળ ચોમાસાની ઋતુ આવતી હોય અને આ રસ્તાનું નવીનીકરણ કે રીપેરીંગ સમયસર ના થાય તો આ માર્ગની હાલત વરસાદી પાણીને લઇ સંપૂર્ણ ભયજનક અને દયનિય થશે તે નક્કી છે.

# દાહોદના રેલ્વે વર્કશોપમાં રીક્ષાના અકસ્માત બાદ ૩૨ ક્વાર્ટસને જોડતો માર્ગ કાયમી બંધ કરાયો

દાહોદ,

પાડાના વાંકે પખાલીને ડામ.... થોડાક દિવસ સી સાઈટ નજીક રેલવે ક્રોસિંગ પર કપલીગમાંથી છૂટી પડેલી બોગી અને રિક્ષા વચ્ચે થયેલા અકસ્માતનો મામલોઃ રેલવે તંત્ર દ્વારા રેલવે ક્રોસિંગ પર ફાટક મૂકી રસ્તો બંધ કર્યો. દાહોદ રેલવે વર્કશોપની નજીક આવેલા રેલવે ક્રોસિંગ પર રેલવે વર્કશોપ માંથી ગુડ્સ ટ્રેનની ત્રણ બોગીને લઈ એન્જિન રિવર્સમાં રેલવે સ્ટેશન તરફ આવી રહી હતી. ત્યારે એકાએક ગુડ્સ ટ્રેનનો છેલ્લો ડબ્બો કપલીગમાંથી છુટું પડી રિવર્સમાં ધીમી ગતીએ આવી રહ્યો હતો. તે સમયે રેલવે ક્રોસિંગ પરથી પસાર થતી ઓટો રીક્ષાને અડફેટે લેતા રિક્ષાનો કચ્ચરઘાણ વળ્યું હતું. જેમાં એક વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ ઘટના બાદ રેલવે તંત્ર દ્વારા જવાબદાર કર્મીઓ સામે પગલા લેવાની જગ્યાએ રેલવે મેન હોસ્પિટલ તેમજ ૩૨ ક્વાટર્સને જોડતા આ માર્ગ પર ફાટક મૂકી આ માર્ગને કાયમ માટે બંધ કરી દેતા રેલકર્મીઓ સહીત આ માર્ગ પરથી પસાર થતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ માર્ગ બંધ થવાની રેલવેમાં હોસ્પિટલ, ૩૨ ક્વાટર્સ, વાંદરીયા, વર્કશોપ તેમજ આસપાસના લોકો જે આ માર્ગનું અવર-જવર કરતા હતા.તેઓને હવે લાબું ફરીને જવા માટે મજબુર બન્યા છે. ત્યારે આ મામલે ઓ.બી.સી. વર્કશોપ દાહોદ વર્કશોપ બ્રાન્ચ દ્વારા રેલવેના આ નિર્ણય સામે વિરોધ નોંધાવ્યો છે. ત્યારે સલામે વિભાગ દ્વારા આ મામલે ઉપરોક્ત લોકોના હિતોને ધ્યાને લઇ ઘટતું કરે તેવી લાગણી તેમજ માંગણી આ વિસ્તારના લોકોમાં ફેલાવા પામી છે.

# ઝાલોદ નગરમાંથી એક મોટરસાઈકલની ઉઠાંતરી થતાં પોલીસ ફરિયાદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં હનુમાન મંદિર પાસે રહેતાં પિયુષભાઈ અનિલકુમાર પદમવારે ગત તા.૨૪મી જુનના રોજ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પિયુષભાઈ અનિલકુમાર પદમવારે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સીંગવડના કેસરપુરા દુધ ઉત્પાદક મંડળીના ચેરમેન દ્વારા ૬૫ હજાર રૂપીયાની ઉચાપતની ફરિયાદ

સીંગવડ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના કેસરપુર ગામનો ચકચાર તેમજ કૌંભાંડકારી બનાવ સામે આવ્યો છે. જેમાં ધી. કેસરપુર દુધ ઉત્પાદક સ.મં.લી.ના ચેરમેન દ્વારા સીકલના રોકડા રૂપીયા ૬૫૦૩૮.૮૨ ની ઉચાપત કરી પછીથી નાણાંની ભરપાઈ પણ કરી દેતાં પરંતુ આ મામલે જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દાહોદની કચેરી દ્વારા દિન-૩૦માં આરોપી ચેરમેન વિરૂધ્ધ કાર્યવાહી કરવા કેસરપુર દુધ મંડળીના જવાબદાર સત્તાધિશોને બજવણી કરવા છતાંય પણ કેસરપુર દુધ ઉત્પાદક મંડળીના કર્મચારીઓ દ્વારા આરોપી વિરૂધ્ધ કાર્યવાહી નહીં કરતાં ચેરમેન સહિત કુલ ૧૨ વ્યક્તિઓ વિરૂધ્ધ જીલ્લા સહકારી મંડળી, દાહોદના સીનીયર કલાર્ક દ્વારા આ મામલે રણધીકરપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સીંગવડ તાલુકાના કેસરપુર ગામે આવેલ ધી. કેસરપુર દુધ ઉત્પાદક સ.મં.લી.માં ચેરમેન તરીકે ફરજ બજાવતાં અમરસીંગભાઈ બલકાભાઈ ધાણકીઆએ તારીખ ૦૧.૦૪.૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન તેમના હસ્તકની સીલક રૂા.૬૫૦૩૮.૮૨ પુરાની ઉચાપત કરી હતી અને પછીથી નાણાંની ભરપાઈ કરી હતી. આ બાદ આ મંડળીમાં કાર્યરત એવા મફતભાઈ હીરાભાઈ ધાણકીઆ, બળવંતભાઈ મનાભાઈ બારીયા, જેસીંગભાઈ મનાભાઈ બારીયા, નરેશભાઈ અમરસીંગભાઈ ધાણકીઆ, હેમાભાઈ માનસીંગભાઈ પટેલ, નાનીબેન અમરસીંગભાઈ ધાણકીઆ, સમુડીબેન ભાવસીંગભાઈ બારીયા, બલકીબેન ધીરાભાઈ નાયક, દિનેશભાઈ અમરસીંગભાઈ ધાણકીઆ અને ભોપતભાઈ શંકરભાઈ પટેલનાઓએ ગુજરાત સરકાર કૃષિ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક પરચ -૧૦૨૦૧૨ - સં.સ-૪-ખ સચિવાલય ગાધીનગર તારીખ ૨૬.૦૬.૨૦૧૩ ના પેરા ૪ (૩) મુજબ જીલ્લા રજીસ્ટ્રારની કચેરીની નોટીસ જા.નં.ખસમ/૦૧/ગ//૧૨૬/૨૦૧૯ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દાહોદની કચેરી રૂમ નંબર ૨૨૧, બીજો માળ, જિલ્લા સેવા સદન, છાપરી, દાહોદ દ્વારા તારીખ ૧૬.૧૨.૨૦૧૯ની બજવણી થયાં પછી દિન - ૩૦માં આરોપી અમરસીંગભાઈ બલકાભાઈ ધાણકીઆ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી આ અન્ય ઉપરોક્ત ૧૨ જેટલા વ્યકિતઓએ ન કરતાં આ સંબંધે જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી, દાહોદમાં સીનીયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં કેતનભાઈ દલસુખભાઈ તાવીયાડે ઉપરોક્ત ચેરમેન સહિત ૧૩ જણા વિરૂધ્ધ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડામાં નબળી ગુણવત્તાના ઘી વેચતા દુકાનદાર-સપ્લાયર-ઉત્પાદક સામે કડક કાર્યવાહી

દાહોદ,

લીમખેડામાં નબળી ગુણવત્તાનું ઘી વેચાણ કરતા દુકાનદાર, સપ્લાયર તેમજ ઉત્પાદકને દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં દુકાનદાર તેમજ સપ્લાયરને રૂ. ૧૦-૧૦ હજાર તેમજ ઉત્પાદકને ૧.૩૦ લાખનો દંડ કરવામાં આવ્યો છે.

આ કેસની વિગત એવી છે કે, દાહોદના લીમખેડા તાલુકામાં આવેલી રામદેવ કિરાણા સ્ટોર પરથી દાહોદના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફુડ સેફટી ઓફીસર એન.આર. રાઠવાએ સોરઠ ગાયનું ઘી ૨૦૦ મીલી પેક બોટલનો નમુનો પૃથ્થકરણ કરવા ફુડ એનાલીસ્ટ વડોદરાને મોકલવામાં આવ્યો હતો. આ નમૂનો નબળી ગુણવત્તા તેમજ અખાદ્ય જણાઈ આવ્યો હોય નિવાસી અધિક કલેક્ટરની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આવા અખાદ્ય પદાર્થના સંગ્રહ અને વેચાણ બદલ લીમખેડાની રામદેવ કિરાણાના માલિકને રૂ.૧૦ હજાર, સપ્લાયર પેઢી જૈન ટ્રેડર્સને રૂ. ૧૦ હજાર, તેમજ સોરઠ ગાયનું ઘીના ઉત્પાદક પેઢીને રૂ. ૫૫ હજાર અને ઉત્પાદક પેઢીના નોમીનીને રૂ. ૫૫ હજાર એમ કુલ રૂ. ૧.૩૦ લાખનો દંડ નિવાસી અધિક કલેક્ટર મહેશ દવેએ ફટકાર્યો છે.

## પ્રજાની માગણી પૂર્ણ થવાની આશા એળે ગઈ

# ગરબાડાના રામનાથ તળાવના બ્યુટિફિકેશનની કાર્યવાહી એક વર્ષ બાદ પણ અધૂરી

ગરબાડા,

ગરબાડા નગરમાં મોડા મોડા પણ પ્રજની માગણી સંતોષાય તેમ લાગી રહ્યું હતું. ૧૫ માં નાણાપંચ અને મનરેગા યોજના અંતર્ગત રામનાથ તળાવનું બ્યુટીફિકેશન કરવા બાબતની વાતનું સૂરસૂરિયું થયું હોય તેમ લાગી રહ્યું છે. આજે એક વર્ષ બાદ પણ કોઈ પણ પ્રકારની કાર્યવાહી સ્થાનિક તંત્ર દ્વારા કરવામાં આવી નથી. જે જોતા વહીવટ કર્તાઓને ગામના વિકાસના કામમાં કોઈપણ પ્રકારનો રસ નથી તેમ લાગી રહ્યું છે.

ગરબાડાનુ રામનાથ તળાવ ગામની ઓળખ છે. સફેદ અને ગુલાબી કમળના ફ્લોથી અચ્છાદિત રહેતા આ તળાવના કિનારે ભવ્ય શિવાલય સહિત પાંચથી છ જેટલા મંદિરો આવેલા છે. જે તળાવનું બ્યુટીફિકેશન થાય તેવી વર્ષોથી ગ્રામજનોની માંગણી હતી. જે બાબતને ધ્યાનમાં રાખી તળાવના બ્યુટીફલકેશન માટે તાલુકા વિકાસ અધિકારી મિલિન્દ દવે દ્વારા મે ૨૦૨૦ મા ગ્રામ પંચાયત પાસે ૧૫ માં નાણાપંચ તથા મનરેગા યોજના અંતર્ગત તળાવના આયોજન માટે સામાન્ય સભા બોલાવવામાં આવી હતી અને વહેલી તકે ચાલુ વર્ષે જ તળાવના બ્યુટીફીકેશન ની કામગીરી કરવામાં આવશે તેમ તેઓએ જણાવ્યું હતું. જે કામોમાં તળાવની પાળ પર ફેન્સિગ પેવર બ્લોક વોકિંગ ટ્રેક લાઈટિંગ અને બેસવા માટે બાંકડાની સુવિધા ઉપલબ્ધ કરવાની વાત હતી, પરંતુ આજે એક વર્ષ બાદ પણ અહીંયા કોઈ પણ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી. ગ્રામ પંચાયતને તો તળાવના ઘાટો આર.સી.સી રસ્તા ઓ તેમજ વારંવાર તોડફોડ કરી ગટર ના નાળા બદલવા લાખોના ખર્ચે કચરા ડેપો પર કોટ બનાવવા જેવા કામોમાં જ રસ છે. ઉલ્લેખનીય છે કે, આવા કામોમાં ગ્રામ પંચાયત કલાકોમાં જ ઠરાવ કરી નાખે છે. જ્યારે જાહેર શૌચાલય સ્મશાનમાં સુવિધા ઉપલબ્ધ કરાવવી કચરા ડેપો મંદિર પાસેથી અન્ય સ્થળ પર ખસેડવા જેવા કામોમાં ગ્રામ પંચાયતને કોઈપણ પ્રકારનો રસ નહીં હોવાનું જોવા મળી રહ્યું છે. જોકે હાલના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી મહેશ પટેલને આ બાબતની જાણ કરતા તેઓએ આ બાબતે ઘટતી કાર્યવાહી કરવા માટે જણાવ્યું છે.

# સંજેલી તાલુકાના સરોરી ગ્રુપ ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર મામલે મામલતદારને આવેદન

સંજેલી,

સંજેલી ગ્રુપ ગ્રામ પંચાયતના જાગૃત નાગરિકો વિકાસના કામોનો હિસાબ માંગતા માથાભારે સરપંચ અને તલાટી કમ મંત્રીએ ભ્રષ્ટાચાર દબાવવા માટે આ જાગૃત નાગરિકો ને ધાક ધમકી આપેલી છે.

સંજેલી તાલુકાના સરોરી ગૃપ ગ્રામ પંચાયત ચાલતા ગેરરીતિ અને વધારે પડતો ભ્રષ્ટાચાર થતો સહન ન થતા આર.ટી.આઇ પણ માંગી હતી. તેમાં પણ લાગતા વળગતા અધિકારીઓ પણ આંખ આડા કાન કરી પૂરેપૂરો હિસાબ કે પૂરેપૂરો જવાબ પણ આપ્યો નથી અને વધુમાં આ જાગૃત નાગરિકો પર જુલમ ગુજારી મારકૂટ પણ થયેલ છે. જેમાં પોલીસ કર્મચારીએ પણ મદદ કરવામાં કચાસ રાખેલી છે.

જેમાં ત્રણથી ચાર વખત સરપંચ ઉપર એફઆર થયેલ છે. ત્યારે હજુ પણ કોઈ કાયદેસરની કાર્યવાહી થયેલ નથી.જેથી જાગૃત નાગરિકો સંજેલી મામલતદારમાં આવેદનપત્ર પણ આપ્યું છે. જેના ભાગરૂપે તમામ નિવેદન સાથે કેમેરામાં કેદ થયેલ છે. ખરેખર આવા જાગૃત નાગરિક કોને દાહોદ જિલ્લામાં તમામ જગ્યાએ દબાવી દેવામાં આવે છે અને ભ્રષ્ટાચારીઓ ભ્રષ્ટાચાર કરી કરોડો રૂપિયા કમાઈ લીધા છે અને કમાઈ રહ્યા છે. અને જે ગરીબ છે એ ગરીબ બની રહ્યા છે.

તો શું ? આવા સરપંચો કે ભ્રષ્ટાચારી અધિકારીઓ ઉપર સરકારના ઉપલા વર્ગના અધિકારીઓ કાયદેસરની કાર્યવાહી કરેલ છે કે કેમ તે જોવાનું રહ્યું. ખરેખર ગાંધીનગરથી તપાસ થઈ ગરીબોને કાયદેસર તમામ યોજનાઓ મળે તેવી કાર્યવાહી કરવી જોઈએ અને સ્થાનિક લેવલના અધિકારીઓ અને સરપંચોની ભ્રષ્ટાચારની ભૂલ નીકળે તો ખરેખર સસ્પેન્ડ કરી દેવું જોઈએ તેવી જાગૃત નાગરિકોની માંગ છે.

# દાહોદના યોગ કોચ થી પ્રશિક્ષણ ટ્રેનિંગ ઉર્તીણ થયેલ ૩૫ વ્યકિતને સર્ટીફિકેટનું વિતરણ કરાયું



દાહોદ,

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના દાહોદ તાલુકા કોચ ઉમેશભાઈ શર્મા દ્વારા યોજાયેલ યોગ પ્રશિક્ષણ ટ્રેનિંગમાં ઉત્તીર્ણ થયેલ ૨૦ યોગ શિક્ષક ભાઈ-બહેનોને સર્ટિફિકેટ વિતરણનો કાર્યક્રમ ગોવિંદનગર ગાર્ડન ખાતે મા. આ.પતંજલિ યોગ સમિતીના સંસ્થાપક હરેશભાઈ કડકીયાની અધ્યક્ષતામાં યોજાયો. નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ કે જેઓ ગોવિંદનગર ગાર્ડન યોગ વર્ગમાં નિયમિત યોગ કરવા આવીને નગરજનોને સ્વાસ્થ્ય જાગૃતિની પ્રેરણા આપે છે. તેઓએ તથા વોર્ડ નંબર ૪ના કાઉન્સિલરો,પતંજલિ યોગ સમિતીના પદાધિકારીઓએ સાથે મળીને આપણી જ સાંસ્કૃતિક ધરોહર એવા યોગના કાર્યને બિરદાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તબક્કાવાર યોગ પ્રશિક્ષણ દાહોદ ખાતે ચાલુ રહેશે. GSYB અને પતંજલિ સમિતી ના સંયુક્ત ઉપક્રમે શહેરના વિવિધ સ્થળોએ સવાર તેમજ સાંજે યોગ વર્ગ ચાલે છે. યોગ કોચ ઉમેશભાઈ શર્મા એ શહેરીજનો વિશેષ જાગૃત થઈ યોગમાં જોડાઈને નિરામય સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવી અપીલ કરી હતી.

# દાહોદ જીલ્લા પોલીસ વિભાગના ૩૫ કર્મચારીઓ વય નિવૃત્ત થયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં અંદાજે ૩૫ જેટલા પોલીસ કર્મચારીઓ જેમાં પીએસઆઈ જિલ્લા ટ્રાફિક પોલીસ કર્મચારીઓ વિગેરે વય મર્યાદાના કારણે આજરોજ નિવૃત થયાં હતાં. દાહોદ જિલ્લાના ગરબાડાના ૦૧ પીએસઆઈ, દેવગઢ બારીઆના ૦૨ પીએસઆઈ તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં કર્મચારીઓ સહિત અન્ય વિભાગના મળી કુલ ૩૫ પોલીસ કર્મચારીઓ પોતાના કાર્યકાળમાં લાંબી ફરજ બજાવી વય મર્યાદા પુર્ણ થતાં જિલ્લાના ૩૫ જેટલા પોલીસ કર્મચારીઓ પોતાની ફરજ પરથી નિવૃત થયાં હતાં. દાહોદ જિલ્લાના જે તે પોલીસ વિભાગમાં નિવૃત થતાં પોલીસ કર્મચારીઓએ નિવૃત કર્મચારીઓને શુભેચ્છા પાઠવી વિદાય સમારંભ પણ યોજવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# લો હવે કરો વાત... આજ થી દુધના ભાવમાં પણ વધારો રૂા.૨/નો ગૃહિણીને આપવો પડશે

દે.બારીયા,

સતત ત્રણ માસના સમય થી પેટ્રોલ તેમજ ડીઝલનો ઘરખમ વધારાની માર ખાધા બાદ હવે ભુલકાઓના દુધના ભાવમાં પ્રતિ લીટરે રૂા.૨/-નો આજથી વધારો અમલમાં લેવાશે. મળતા સૂત્રો અનુસાર અમુલ દુધ તાજાના ભાવ રૂા.૪૪/-હતા. તે પાઉચના રૂા.૪૬/- આપવા પડશે. આ રીતે ડેરી ફાર્મની અનેક વસ્તુઓ પનીર, મીઠાઈના ભાવોમાં અસર વર્તાશે. પહેલા થી ગૃહિણીએ કઠોળ, શાકભાજી, ગેસના વધારા થયા તેમાં ગૃહિણીઓને ઘરનું બજેટ ચલાવવામાં ત્રાહિમામ થયા છે. ત્યારે સરકારે જોરકા ઝટકા ધીરે સે રૂા.૨/-નો ભાવ વધારો કરી આપ્યો છે. તો ગોદી મીડીયા કેમ ચૂપ છે ? મધ્યમ વર્ગ તેમજ ગરીબો ઉપર આની અસર થશે જે શ્રમિકો કામે થી આવીને પહેલા ચાની ચૂસ્કી લેતા હતા. તે હવે ચાની ચૂસ્કી ફીકકી પડશે તેવું આમ ગરીબ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. કોરોના જેવી આપદામાં બેરોજગારી વધી જવા પામી છે. ૮ કરોડ લોકો ગરીબ રેખા નીચે નવા ઉમેરાયા છે. તેવા કપરા સમયે દુધના ભાવ વધારો આશ્રયજનક છે. સાથે સાથે ચિંતાજનક પણ છે. ગુજરાતની સંવેદન અને ગતિશીલ સરકારે આ રૂા.૨/-ના ભાવ વધારો પાછો ખેંચવા જોઈએ. તેવું આમ, ગૃહિણીઓની લાગણી અને માંગણી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 263

